ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટવિતરણ/૨૯
જીઆઇડીસી,વડી કચેરી,ગાંધીનગર.
તારીખ:૨૯/૧૧/૨૦૧૯

# // પરિપત્ર //

વિષય:- લીઝ હોલ્ડ હકકમાંથી ફ્રી હોલ્ડ હકકમાં રૂપાંતર કરવા બાબતના પરિપત્રમાં સુધારો કરવા બાબત.

સંદર્ભ :- ૧. ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:જીઆઇડીસી-૧૦૨૦૦૪-૭૭૨-ગ તા. ૦૫/૦૭/૨૦૦૬.

૨. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/એએલટી પોલીસી/ ૧૪, તા. ૧૭/૧૦/૨૦૦૬.

૩. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પીઓએલ/૧૭, તા. ૦૮/૧૧/૨૦૦૬.

૪. ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીઆઇડીસી-૧૦૨૦૦૪-૭૭૨-ગ, તા. ૧૩/૦૩/૨૦૧૯.

સરકારશ્રીના ઉકત સંદર્ભિત ઠરાવ-૧ અન્વયે, લીઝ હોલ્ડ હકકમાંથી ફ્રી હોલ્ડ હકકમાં રૂપાંતર કરવા બાબતે નિગમ ધ્દ્વારા સંદર્ભિત પરિપત્ર -૨ અને ૩ થી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્દ્વારા સંદર્ભિત પત્ર-૪ થી નિગમ ધ્દ્વારા મંજુર કરવામાં આવેલ કિસ્સાઓની પ્રીમિયમની રકમ નીચે મુજબ જમા કરાવવા જણાવવામાં આવેલ છે.

- મુખ્ય સદર- ૦૦૨૯ જમીન મહેસુલ
- ગૌણ સદર- ૧૦૫ સરકારી વસાહતોના વેચાણમાંથી રસીદો
- પેટા સદર- ૦૪- જીઆઇડીસીના લીઝ હોલ્ડ પ્લોટના ફ્રી હોલ્ડ રૂપાંતરની રસીદો

Major Head- 0029 land revenue

Major Head-105 receipt form state of government estate

Sub Head-04 receipt on A/C of conversion of lease hold plots to free hold of GIDC

નિગમ ધ્દ્વારા જારી કરવામાં આવેલ પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ એએલટી/ પીઓએલ/ ૧૭ તા. ૦૮/૧૧/૨૦૦૬ ની જોગવાઇ નં. ૩ માં નીચે મુજબ જણાવેલ છે.

"ફ્રી હોલ્ડની અરજી સાથે ઉપયોગના પુરાવા ૩૦ ટકા લેખે થતી પ્રીમિયમની રકમનો ડી.ડી. જી.આઇ.ડી.સી. ના નામનો ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર મેળવવાનો રહેશે. જે વડી કચેરી ધ્દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગદર્શન મુજબ જમાં કરાવવામાં આવશે."

**સદર જોગવાઇમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.**

"લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડમાં રૂપાંતર અંગેની અરજી સમયે ફાળવણીદારે ૩૦ ટકા લેખે થતી પ્રીમિયમની રકમનો ડી.ડી. જમા કરાવવાના બદલે નિગમ દ્વારા લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડમાં રૂપાંતર અંગેની મંજુરી મળ્યેથી ક્ષેત્રિય કચેરી દ્વારા જારી કરવામાં આવતા શરતી મંજુરી હુકમમાં ૩૦ ટકા પ્રીમિયમની રકમ જણાવવાની રહેશે. જે ફાળવણીદારે સરકારશ્રીના પત્ર તારીખ:૧૩/૦૩/૨૦૧૯ માં જણાવ્યા મુજબ, સરકારશ્રીમાં બારોબાર રકમ જમા કરાવવાની રહેશે અને તે અંગેના ચલણની નકલ નિગમને રજૂ કરવાની રહેશે." જે પરિપૂર્ણ થયેથી તથા કામચલાઉ શરતી હુકમ ની અન્ય શરતો પરિપૂર્ણ થયેથી લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ રૂપાંતર અંગેનો આખરી હુકમ જારી કરવાનો રહેશે.

પરિપત્રોની અન્ય બાબતો યથાવત રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ .

**નકલ જયભારત સહ રવાના -:**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ .તરફ જાણ સારૂ ...

(૨) પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો. તરફ જાણ સારુ....

(3) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર .તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ ...

રવાના કર્યું.

મેનેજર(મહેકમ)